અપીલ અરજી નં.૨૮૪ તા .૨૧–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પટેલ રમેશભાઈ સોમાભાઈ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પટેલ રમેશભાઈ સોમાભાઈની તા. ૧–૮–૧૧ તથા તા. ૩–૯–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) કોસાડ પંચાયત રેકોર્ડ સર્વે નં.૫૫૭/૨ બ્લોક નં.૯૯૩ના પૈકી શિવમ રો–હાઉસના પ્લોટ નં.૫૪ની તા. ૨૯–૧–૧૧ના રોજ કરેલ ગેલેરીના બાંધકામ દુર કરેલ તે બાંધકામ દુર કરવા થયેલ વાંધા અરજી કે ફરીયાદ સર્ટીફીકેટની નકલ તથા વિરોધ કરનારની માહિતી આપવા બાબત વગર નોટીસે ડીમોલીશન કરેલ છે વિ. મુદ્દા નં.(૧) થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૮૪/૨૦૧૧–૧૨

શ્રી પટેલ રમેશભાઈ સોમાભાઈની તા. ૧–૮–૧૧ તથા તા. ૩–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) કોસાડ પંચાયત રેકોર્ડ સર્વે નં.૫૫૭/૨ બ્લોક નં.૯૯૩ના પૈકી શિવમ રો–હાઉસના પ્લોટ નં.૫૪ની તા. ૨૯–૧–૧૧ના રોજ કરેલ ગેલેરીના બાંધકામ દુર કરેલ તે બાંધકામ દુર કરવા થયેલ વાંધા અરજી કે ફરીયાદ સર્ટીફીકેટની નકલ તથા વિરોધ કરનારની માહિતી આપવા બાબત વગર નોટીસે ડીમોલીશન કરેલ છે વિ. મુદ્દા નં.(૧) થી (૨)ની માહિતી આપવા બાબતે આપેલ માહિતી અપૂર્ણ, અંશતઃ, અસ્પષ્ટ, અસંતોષકારક અને અપુરતી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજદારની તા. ૨૬–૪–૧૧ તથા ૨૭–૬–૧૧ની અરજી તેમજ અપીલ હેઠળની અરજી અંગે થયેલ કાર્યવાહીની હકીકત જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૬૬ તા.૧–૧૦–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) **તથા અરજદારને** માંગ્યા પૈકી કઈ માહિતી અધુરી,અસંતોષકારક છે તે સ્પષ્ટ કરવા તથા સાથે તા. ૨૬–૪–૧૧ અને તા.૨૭–૬–૧૧ની અરજીની નકલ, ફી ની વિગત સહ મોકલવા તેમજ જાહેર માહિતી અધિકારીના પત્રોનુસાર ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ ? તે પછી કોઈ નારાજગી હોય તો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર ન.નોર્થઝોન/આ.નં.૪૯૨૮ તા.૧૫–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની તા.૨૬–૪–૧૧ ની મુળ અરજીની નકલ તથા અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અંગે પત્ર નં.નોર્થઝોન/આ.નં.૧૧૦૭ તા.૨૩–૫–૧૧ ના પત્રની નકલ, સદર માહિતીના સ્મૃતિ પત્ર–૧ તથા ૨ ની નકલ તથા અરજી દફતરે કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની તા.૨૭–૬–૧૧ ની માહિતી માંગતી અરજીની નકલ, નોંધ વિભાગ, ખાસ નોટીસની નકલ તથા સદર અરજી બાબતે આપેલ માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૨૭૩૪ તા.૨૫–૭–૧૧ ના પત્રની નકલ, અરજદારની તા.૧–૮–૧૧ ની માહિતી માંગતી અરજીની નકલ તથા અરજી સંદર્ભે અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.નોર્થઝોન/આ.નં.૩૪૯૯ તા.૨૫–૮–૧૧ ના પત્રની નકલ, અરજદારની તા.૩–૯–૧૧ ની માહિતી માંગતી અરજીની નકલ તથા સદર અરજી સંદર્ભે અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.નોર્થઝોન/આ.નં.૪૦૦૪ તા.૧૫–૯–૧૧ ના પત્રની નકલતથા માહિતી અંગે નાણા ભરવા પાઠવેલ પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૩૪૨૧ તા.૨૦–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૦–૧૦–૧૧ નો પૂરક પત્ર, તા.૨૬–૪–૧૧ ની માહિતી માંગતી અરજી તથા મળેલ માહિતીની નકલ, તા.૨૭–૬–૧૧ ની માહિતી માંગતી અરજી તથા મળેલ માહિતીની નકલ, તા.૨૭–૬–૧૧ ની ફી ભર્યાની વિગત તથા માહિતી મેળવ્યા અંગે તા.૨૬–૪–૧૧, તા.૧–૮–૧૧ અને તા.૨૦–૯–૧૧ ની દસ્તાવેજ ફી ભર્યાની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧–૮–૧૧ તથા તા. ૩–૯–૧૧ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં અરજદારે તા.૧–૮–૧૧ ના રોજ માહિતી માંગતી અરજીમાં તા.૨૬–૪–૧૧ તથા તા.૨૭–૬–૧૧ની અરજીના અનુસંધાને અધૂરી માહિતી હોવાથી પુનઃ માહિતી માંગતી અરજી કરેલ. અરજદારની તા.૨૬–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) કોસાડ ગામ પંચાયત રેકોર્ડ સર્વે નં.૫૫૭/૨ બ્લોક

નંબર ૯૯૩(ટીપી ૭૨) મંજુર પ્લાન સુડા/વિપઅ/યુ–૪ /૬૦૪૯ /૮૫૩૪ તા.૧૪–૯–૨૦૦૪ પછી અને પહેલા જો મંજુર પ્લાન મંજુર થયો હોય તો તેની વિગતવાર માહિતી મેળવવા બાબત નકલ મેળવવા બાબત. મુદ્દા નં.(૨) તા.૨૯–૧–૧૧ ના રોજ ૫૪ શિવમની ગેલેરીનું કરેલ બાંધકામ દુર કરવા થયેલ ફરીયાદની અરજીની નકલ મેળવવા બાબત. તા.૧૪–૯–૨૦૦૪ સુડા/વિપઅ/યુ–૪/ ૬૦૪૯/૮૫૩૪ પછી રીવાઈઝ પ્લાન થયો હોય તો તેની વિગત અને પ્લાનની નકલ મેળવવા બાબતની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં. ૧૧૦૭ તા.૨૩–૫–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ. જેમાં (એ) કોસાડ ગ્રામપંચાયત રેકર્ડ સર્વે નં.૫૫૭/૨, બ્લોક નં.૯૯૩ વાળી જગ્યા પર મંજુર થયેલા પ્લાનોની વિગત નીચે મુજબ છે. (૧) સુડા/વિપઅ/યુ–૪/૪૨૩૬/૬૩૩૯ તા.૪–૧૦–૧૧ (૨) સુડા/વિપઅ/યુ–૪/૬૦૪૯/૮૫૩૪ તા.૧૪–૯–૨૦૦૪ (૩) મોજે કોસાડ રે.સ. નં.૫૫૭/૨ બ્લોક નં.૯૯૩ સબ પ્લોટ નં.૪૩ એન.ઝેડ/આ.નં.૩૮ તા.૧૩–૮–૦૭ (૪) મોજે કોસાડ રે.સ. નં.૫૫૭/૨, બ્લોક નં.૯૯૩ સબ પ્લોટ નં.૫૨ એન.ઝેડ/આ.નં.૪૬ તા.૧૨–૯–૦૭ (૫) મોજે કોસાડ રે.સ. નં.૫૫૭/૨, બ્લોક નં.૯૯૩, સબ પ્લોટ નં.૫૩ એન.ઝેડ/આ.નં.૪૭ તા.૧૨–૯–૦૭ (૬) મોજે કોસાડ રે.સ. નં.૫૫૭/૨, બ્લોક નં.૯૯૩, સબ પ્લોટ નં.૫૪ એન.ઝેડ/આ.નં.૪૮ તા.૧૨–૯–૦૭.ઉપરોકત અનુ. નં.૧ થી ૩ તથા અનુ. નં.૫ થી ૬ માં જણાવેલ મંજુર પ્લાનોની નકલ મેળવવા માટે નિયમોનુસાર રૂા.૨૨૭/– (અંકે રૂપિયા બસો સતાવીસ પુરા) દસ્તાવેજી ફી તરીકે કતારગામઝોન કચેરીએ જમા કરાવ્યેથી જરૂરી નકલ આપી શકાશે. (બી) તા.૨૯–૧–૧૧ ના રોજ ૫૪, શિવમ રો હાઉસ ગેલેરીનું કરેલ બાંધકામ દુર કરવા થયેલ ફરીયાદની અરજીની નકલ કતારગામઝોન કચેરીએ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં મળી આવેલ ન હોય આપી શકાય તેમ નથી. (સી) કતારગામઝોન કચેરીએ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં તા.૧૪–૯–૨૦૦૪ સુડા/વિપસ/યુ–૪/૬૦૪૯/૮૫૩૪ પછી સદર જગ્યાએ કોઈ રિવાઈઝડ પ્લાન મંજુર થયેલ હોવાનું જણાતું નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે માહિતિના દસ્તાવેજ ફી ભરપાઈ નહીં કરતાં નોર્થઝોન/આ.નં.૨૭૪૧ તા.૨૫–૭–૧૧ થી સ્મૃતિ પત્ર–૧ અને નોર્થઝોન/આ.નં.૨૮૭૧ તા.૨૮–૭–૧૧ થી સ્મૃતિ પત્ર–૨ પાઠવવામાં આવેલ. ત્યાર બાદ પણ અરજદારે માહિતી મેળવવામાં રસ દાખવેલ ન હોય નોર્થઝોન/આ.નં.૩૧૪૩ તા.૯–૮–૧૧ ના રોજ અરજી દફતરે કરવામાં આવેલ તેની જાણ પણ અરજદારને કરવામાં આવેલ. ત્યાર બાદ અરજદારે તા.૨૭–૬–૧૧ ના રોજ સદર તા.૨૬–૪–૧૧ ની અરજી બાબતે તા.૨૩–૫–૧૧ ના રોજ નોર્થઝોન/આ.નં. ૧૧૦૭ સંદર્ભે પુનઃ તા.૨૭–૬–૧૧ ના રોજ આપેલ માહિતી અંગે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરી માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.ન.૨૭૩૪ તા.૨૫–૭–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ. જેમાં (૧) તા.૨૬–૪–૧૧ ની રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ અન્વયે માંગેલ માહિતીનો કતારગામઝોન કચેરીના પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૧૦૭ તા.૨૩–૫–૧૧ થી જવાબ આપવામાં આવેલ છે. જેના મુદ્દા નં.(૧) માં સુડા/વિપસ/યુ–૪/૪૨૩૬/અ/૬૩૩૯ તા.૪–૧૦–૧૧લખાયેલ છે. જે શરતચૂકથી લખાયેલ છે. ખરેખર સદર જગ્યાના પ્લાનો સુડા/વિપસ/યુ–૪/૪૨૩૬/અ/૬૩૩૯ તા.૪–૧૦–૦૧ થી મંજુર થયેલ છે જેની વિગતો/ નકલ મેળવવા કતારગામઝોન કચેરીના પત્ર નં.૧૧૦૭ તા.૨૩–૫–૧૧ માં જણાવ્યા મુજબની દસ્તાવેજી ફી જમા કરાવ્યેથી જરૂરી નકલ આપી શકાશે. મુદ્દા નં.(૨) અન્વયે જણાવવાનું કે રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ અન્વયે ફકત રેકર્ડઆધારીત માહિતી આપવાની હોય છે. મુદ્દા ન.(૩) અને (૪) અન્વયે અગાઉ જણાવ્યા મુજબ રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ અન્વયે ફકત રેકર્ડ આધારીત માહિતી આપવાની હોય છે. વધુમાં કોઈ પણ ગેરકાયદેસર બાંધકામ દુર કરતાં પહેલા ધી બીપીએમસી એકટ–૧૯૪૯ ની કલમ હેઠળ કારણદર્શાક નોટીસ તથા મનાઈ હુકમ આપવામાં આવે છે તે જાણશો. મુદ્દા નં.(૫) અન્વયે કતારગામઝોન કચેરીએ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં મોજે કોસાડ સર્વે નં.૫૫૭/૨, બ્લોક નં.૯૯૩ વાળી જગ્યામાં મંજુર થયેલા પ્લાનોની વિગત કતારગામઝોન કચેરીના પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૧૦૭ તા.૨૩–૫–૧૧ માં જણાવ્ય મુજબ છે. જે પત્રમાં જણાવ્યા મુજબની દસ્તાવેજી ફી કચેરીએ જમા કરાવ્યેથી મંજુર પ્લાન અંગેની વિગતો આપી શકાશે. વધુમાં પ્લોટ નં.૧૯/એ ના બાંધકામની કાયદેસરતા કે બિનકાયદેસરતા બાબતે કોઈ પુરાવા ઉપલબ્ધ થતા ન હોય માહિતી આપી શકાય તેમ નથી. વધુમાં તેમના ધ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી નોર્થઝોન (કતારગામ) આકારણી વિભાગે અંશતઃ લાગત મુદ્દા નં.૩ ની માંગેલી જરૂરી માહિતી અને દસ્તાવેજો માટે રૂા.૬/– જમા કરાવવાનું ફરમાવવામાં આવે છે. દસ્તાવેજી ફી ભર્યેથી માંગવામાં આવેલ સદર માહિતી પૂરી પાડવામાં આવશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૩૧૭૮૭૩ તા.૧–૮–૧૧ થી રૂા.૬/– દસ્તાવેજ ફી ના ભરપાઈ કરેલ તે જ દિવસે અરજદારને માંગ્યા મુજબની મુદ્દા નં.૩ ની માહિતીના પાના નંગ–૩ તા.૧–૮–૧૧ ના રોજ મળ્યા છે તેવું જણાવી અરજદારે સદર માહિતી પત્ર ઉપર સહી કરેલ છે. આમ અરજદારે માહિતી મેળવેલ છે. ત્યાર બાદ અરજદારે તા.૨૬–૪–૧૧ તથા તા.૨૭–૬–૧૧ ની અરજીના અનુસંધાનમાં ફરીથી પુનઃ તા.૧–૮–૧૧ ના રોજ માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૩૪૯૯ તા.૨૫–૮–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ. જેમાં તા.૨૬–૪–૧૧ ની રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળની અરજીનો જવાબ નોર્થઝોન કચેરીના પત્ર નં.નોર્થઝોન/આ.નં.૧૧૦૭ તા.૨૩–૫–૧૧ થી આપવામાં આવેલ છે. તથા સદર પત્રમાં રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ અન્વયે દસ્તાવેજી ફી તરીકે રૂા.૨૨૭ /– કતારગામઝોન કચેરીએ ભરપાઈ કરવા જણાવવામાં આવેલ. જે રકમ તેમના તરફથી ભરપાઈ કરવામાં આવેલ ન હોય કચેરીના પત્ર નં.નોર્થઝોન/આ.નં.૨૭૪૧ તા.૨૫–૭–૧૧ તથા પત્ર નં.નોર્થઝોન/આ.નં.૨૮૭૧ તા.૨૮–૭–૧૧ થી સદરહુ રકમ ભરપાઈ કરવા માટે સ્મૃતિ પત્રો પણ મોકલવામાં આવેલ. ઉપર જણાવ્યા મુજબ સ્મૃતિપત્રો લખવા છતાં તેમના તરફથી દસ્તાવેજી ફી ની રકમ કતારગામઝોન કચેરીએ ભરપાઈ કરવામાં ન આવતાં તેમની ઉપરોકત અરજી કતારગામઝોન કચેરીએથી તા.૮–૮–૧૧ ના રોજ દફતરે કરવામાં આવેલ છે. તથા તેની જાણ કચેરીના પત્ર

નં.નોર્થઝોન/આ.નં.૩૧૪૩ તા.૯–૮–૧૧ થી કરવામાં આવેલ છે. (૨) તેમની તા.૨૭–૬–૧૧ ની રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળની અરજીનો તેમની કતારગામઝોન કચેરીના પત્ર ન.નોર્થઝોન/આ.નં.૨૭૩૪ તા.૨૫–૭–૧૧ થી જવાબ આપવામાં આવેલ છે. જે પત્રમાં દસ્તાવેજી ફી તરીકે રૂા.૬/– ભરપાઈ કરવા જણાવેલ. જે તેમના ધ્વારા તા.૧–૮–૧૧ ના રોજ ભરપાઈ કરવામાં આવતાં તેમને જરૂરી માહિતી આપવામાં આવેલ છે. વધુમાં રાઈટ ટુ ઈન્ફર્મેશન હેઠળ કતારગામઝોન કક્ષાએથી આપવામાં આવેલ જવાબથી તમો નારાજ થયેલ હોય તો કયા અધિકારીશ્રીને અપીલ કરી શકો છો તેની માહિતી કચેરીના પત્ર નં.એન.ઝેડ/આ.નં.૨૭૩૪ તા.૨૫–૭–૧૧ થી તમોને આપવામાં આવેલ છે. આમ અરજદારને નિયત સમય અવધિમાં જાહેર માહિતી અધિકારીએ માહિતી પૂરી પાડેલ છે તેમ છતાં અધૂરી અને અસંતોષકારક માહિતી હોવાનું જણાવી વારંવાર અપીલ કરવાની જગ્યાએ માહિતી માંગતી અરજીઓ કરવામાં આવેલ છે. વધુમાં અરજદારે તા.૩–૯–૧૧ ના રોજ ફરીથી એક વખત વધુ તે વિષય વસ્તુ બાબતે માહિતી માંગતી અરજી કરવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નોર્થઝોન/આ.નં.૪૦૦૪ તા.૧૫–૯–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૧) સદર બાબતની માહિતી કતારગામઝોન કચેરીના પત્ર નં.એન.ઝેડ/આ.નં. ૧૧૦૭ તા.૨૩–૫–૧૧ થી આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૨) સદર બાબતની માહિતી કતારગામઝોન કચેરીના પત્ર નં.એન.ઝેડ/આ.નં. ૨૭૩૪ તા.૨૫–૭–૧૧ થી આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૩) (અ) માહિતી અધિકારીના કાયદા હેઠળ તેમની તા.૨૬–૪–૧૧ આઈ ડી નં.૩૭ નો જવાબ કતારગામઝોન કચેરીના પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૧૦૭ તા.૨૩–૫–૧૧ થી આપવામાં આવેલ. જે માહિતી મેળવવા માટે દસ્તાવેજી ફી તેમના તરફે ભરપાઈ કરવામાં ન આવતાં તેમની સદર અરજી દફતરે કરવામાં આવેલ તથા તેની જાણ તેમને કતારગામઝોન કચેરીના પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૧૪૩ તા.૯–૮–૧૧ થી કરવામાં આવેલ છે. (બ) માહિતી અધિકાર હેઠળની તેમની તા.૨૭–૬–૧૧ આઈ ડી નં.૧૩૭ નો જવાબ તેમને પત્ર નં.એન.ઝેડ/આ.નં.૨૭૩૪ તા.૨૫–૭–૧૧ થી આપવામાં આવેલ છે. (ક) માહિતી અધિકાર હેઠળની તેમની તા.૧–૮–૧૧ આઈ ડી નં.૨૧૨ નો જવાબ તેમને પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૪૯૯ તા.૨૫–૮–૧૧ થી આપવામાં આવેલ છે. તથા પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૩૪૨૧ તા.૨૦–૯–૧૧ થી સદર પ્લોટ નં.૧૯–એ શિવમ રો હાઉસની માહિતી બાબતે કતારગામઝોનના વોર્ડ સર્વેયર તરફથી રજૂ કરવામાં આવેલ સદર મિલ્કતના પાર્ટી સ્ટેટસ પાના નંગ–૧ આકારણી વિભાગ કતારગામઝોન કચેરીના કામકાજના ચાલુ દિવસો દરમ્યાન રૂા.૨/– જમા કરાવી મેળવી લેવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૪૮૮૯૭૭ તા.૨૩–૯–૧૧ ના રોજ રૂા.૨/– ભરપાઈ કરવામાં આવેલ અને પાર્ટી સ્ટેટસની નકલ મેળવવામાં આવેલ છે. ત્યાર બાદ અરજદારે તા.૧–૮–૧૧ અને તા.૩–૯–૧૧ ની અરજી સંદર્ભે આપેલ માહિતી અપૂર્ણ, અંશતઃ, અસ્પષ્ટ અને અસંતોષકારક અને અપૂરતી હોવાનું જણાવી તા.૨૧–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે તા.૧૪–૯–૨૦૦૪ ના પ્લાનની કોપી અરજદાર પાસે પ્લાન હોવાથી ફી ભરી કોપી મેળવેલ નથી. પરંતુ તા.૧૪–૯–૦૪ નો પ્લાન ઉપલબ્ધ હતો છતાં માહિતી આપેલ નથી તેવા દાવા સામે અરજદારને તેમની પ્રથમ માહિતી માંગતી અરજી સંદર્ભે માહિતી આપી અને બંને સ્મૃતિપત્રો પાઠવ્યા છતાં અરજદાર તરફથી માહિતી મેળવવામાં રસ ન દાખવતા સદર અરજી દફતરે કરવામાં આવેલ. આથી અરજદારના અપીલના દાવાને સમર્થન મળતું નથી. જેમાં અપીલના મુદ્દા નં.(૧) અરજદારે સદર અપીલમાં મોજે કોસાડ ગામ પંચાયત રેકોર્ડ સર્વે નં.૫૫૭/૨ બ્લોક નં.૯૯૩ શિવમ રો હાઉસ પૈકી પ્લોટ નં.૫૪ તા.૨૯–૧–૧૧ ના રોજ લેખિત નોટીસ કે મનાઈ હુકમ આપ્યા સિવાય કરેલ મારી ગેલેરી ડીમોલીશન કેમ કર્યુ તેની તથા મારી ગેલેરી બાંધકામ વિરુધ્ધ કોઈ શખ્સ કે પ્રમુખશ્રી કે અન્ય ત્રાહિત વ્યકિતની લેખિત /મૌખિક વાંધા અરજી થયેલ હોય તો તેની સર્ટી ફાઈડ નકલ મેળવવા બાબત. અપીલના મુદ્દા નં.(૨) ઉપરોકત સર્વે નંબર /બ્લોક નંબર પૈકી ૧૯એ (પ્લોટ ૫૩–૫૪ના પાછળ) ના કબ્જેદાર શ્રી જબ્બરસિંહ લુંભાજી રાજપુતનું મકાન બિન કાયદેસરતા આઈડી નં.૨૧૨ તથા તા.૩–૯–૧૧ નોર્થઝોન આઈ ડી નં.૮૫ ની અરજીના સંદર્ભે સંતોષકારક માહિતી આપેલ નથી તો આ બાબતે બંને અરજીમાં માંગ્યા મુજબની માહિતી તથા તેના આપેલ જવાબનો (તા.૧–૮–૧૧ નો જવાબ નોર્થઝોન/આ.નં.૩૪૯૯ તા.૨૫–૮–૧૧ તા.૩–૯–૧૧ નો જવાબ આ.નં. ૪૦૦૪ તા.૧૫–૯–૧૧) અભ્યાસ વિસ્તૃત તપાસ કરી ખૂટતી કરતી અધૂરી માહિતી અરજીમાં માંગ્યા પ્રમાણે આપવા બાબત. જે અંગે અત્રેથી અપીલ તબકકે અધૂરી અને અસંતોષકારક છે તે અંગે સ્પષ્ટતા કરવા તેમજ ફી ભરીને માહિતી મેળવેલ છે કે કેમ? અને તે પછીની નારાજગી સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૧૦–૧૦–૧૧ ના પત્રથી અરજદારે અપીલના મુદ્દા ન.૧ માં કરેલી રજૂઆત ને પુનઃ દોહરાવવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૨ માં અરજદારે સુડાના તા.૧૪–૯–૨૦૦૪ ના મંજુર પ્લાનમાં આ પ્લોટ મંજુર થયેલ નથી તથા આ તારીખ સિવાય આ બ્લોક નંબરનો પ્લાન રીવાઈઝડ થયો નથી તો આ મકાન ગેરકાયદેસર છે જે જુના મંજુર પ્લાન મુજબ ૧૯ એ નો મકાનના પ્લોટ તથા સદર પ્લોટ ઉપર કરવામાં આવેલ મકાનનું બાંધકામ ગેરકાયદેસર છે કે કેમ? તેની બાંધકામની કાયદેસરતા નકકી કરવા બાબતની છે. જે મળેલ નથી. તથા તા.૧૪–૯–૨૦૦૪ ના મંજુર પ્લાનમાં ૧૯ એ ના પ્લોટની જગ્યા ખુલ્લી બતાવવામાં આવેલ છે તો તે જગ્યા કયા અને કેવા કોઈ સાર્વજનિક વપરાશના હેતુથી તે જગ્યા અનામત ખુલ્લી રાખેલ છે કે કેમ? તે જગ્યા ઉપર પ્લોટીંગ થયેલ નથી તો તે નહીં થયેલ પ્લોટીંગ કેમ થયેલ નથી તેની વિગતો માંગેલ છે તેવું જણાવેલ છે. તથા સદર જગ્યાનું બાંધકામ તા.૧૪–૯–૨૦૦૪ ના રોજ મંજુર પ્લાન મુજબ બિનઅધિકૃત છે તો સદર પ્લોટ ધારકને સદર બાંધકામ દુર કરવા કોઈ નોટીસ આપેલ છે કે કેમ? અને જો નોટીસ આપેલ હોય તો આપેલ નોટીસની વિગતવાર માહિતી. જેની સહી સિકકાવાળી સર્ટી ફાઈડ નકલ જે મળેલ નથી. ૧૯–એ ના પ્લોટના બાંધકામની પરવાનગી સનદ આપેલ છે કે કેમ? તથા વ્યકિતગત પ્લાન પાસ થયો હોય તો તેની વિગતો માંગેલ છે. આમ અરજદારે ઉપરોકત મુદ્દા નં.૧ અને ૨ની માહિતી નહીં આપ્યાની રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારે સોસા.માં અન્ય મકાનના પહેલા માળ પર ગેલેરી બાંધકામ પતરાના શેડ બાંધકામો મંજુર પ્લાન વિરુધ્ધ થયેલ બાંધકામ છે જે ગેલેરી વિગેરેનું ડીમોલીશન થયેલ નથી

ફકત

મારી ગેલેરી તોડવાની શું જરૂરીયાત એસએમસીને પડી તેનો જવાબ સંતોષકારક અને સ્પષ્ટ માંગ્યા મુજબ આપવામાં આવેલ નથી. છતાં તેના બદલે મંજુર પ્લાન વિરુધ્ધ થયેલ બાંધકામની એસએમસી આકારણી કરેલ છે છતાં તેને બદલે ઉપરોકત માહિતી ઉપલબ્ધ નથી તેવો જવાબ સંતોષકારક નહીં મળેલ હોવાથી અપીલમાં રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારે મુદ્દા નં.૩ ની માહિતી બીપીએમસી એકટની કલમ હેઠળ કારણ દર્શક નોટીસ અને મનાઈ હુકમ ની માહિતી રૂા.૬/– ભરી મેળવ્યાનું તથા પ્લોટ નં.૧૯–એ ની આકારણી દફતરેની માહિતી રૂા.૨/– ભરી મેળવેલ હોવાનું જણાવેલ છે.

આમ અરજદારની પ્રથમ માહિતી માંગતી તા.૨૬–૪–૧૧ ની અરજીથી માંગેલ માહિતી સંદર્ભે તા.૨૭–૬–૧૧, તા.૧–૮–૧૧ તથા તા.૩–૯–૧૧ થી કરેલ અરજીઓ બાબતે (૧) તા.૧૪–૯–૨૦૦૪ પછી કે પહેલાના મંજુર પ્લાનની વિગત તથા રીવાઈઝડ પ્લાનની નકલની માંગણી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ કતારગામઝોનની કચેરીએ ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતાં તા.૧૪–૯–૨૦૦૪ પછી સદર જગ્યાએ કોઈ રીવાઈઝડ પ્લાન મંજેર થયેલ હોવાનું જણાતું નથી. તેવી ઉપલબ્ધ માહિતી અરજદારને આપવામાં આવેલ છે. તેમજ સદર મંજુર પ્લાનની નકલ અરજદારે પોતાની પાસે હોવાનું જણાવેલ છે. પરંતુ અરજદારને ત્રાહિત વ્યકિતની આવેલી વાંધા અરજી/ફરીયાદ અરજીની સર્ટીફાઈડની તા.૨૯–૧–૧૧ ના રોજ શિવમ રો હાઉસની ગેલેરીના બાંધકામ બાબતેની ફરીયાદ અરજીની નકલની માહિતી માંગવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૨ અંગે પ્લોટ નં.૧૯–એ ની પ્લોટની બાંધકામની કાયદેસરતા કે બિનકાયદેરતા બાબતે કોઈ પુરાવા ઉપલબ્ધ થતા ન હોય માહિતી આપી શકાય તેમ નથી. તથા આકારણીને લગતી માહિતી અરજદારે દસ્તાવેજ ફી ભરપાઈ કરી મેળવેલ છે. આમ અરજદારની નારાજગી માહિતી ઉપલબ્ધ ન હોવા બાબતેની છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારીએ અરજદારને જણાવેલ છે. તેમ છતાં અરજદાર બાંધકામ બાબતેની વાંધા કે ફરીયાદ બાબતે તેમજ મુદ્દા નં.૨ ના ૧૯/એ ના પ્લાનની કાયદેસરતા બાબતે લાગત ફાઈલનું ઈન્સ્પેકશન કરી જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીની ખરાઈ કરી શકે છે. અરજદારે અપીલની પૂરક વિગતોમાં ૧૯/ એ બાબતે રીઝર્વેશન સનદ જેવા મુળ અરજીથી અલાયદા પ્રશ્નો ઉપસ્થિત કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧–૮–૧૧ તથા તા. ૩–૯–૧૧ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો ઓફિસ કામકાજના સમય દરમ્યાન દિન–૭ માં આગોતરો સમય મેળવી લાગત ફાઈલનું ઈન્સ્પેકશન આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી લાગુ કિસ્સામાં ભરપાઈ કરીને મેળવવા સ્વતંત્ર છે અને તે ધ્વારા જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે. અરજદારની તેવી માંગણી થયેથી જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન પુરું પાડી થયેલી કાર્યવાહીની અત્રે જાણ કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને જણાવવામાં આવે છે. તેમ છતાં અરજદારે અપીલ તબકકે અરજીમાં ૧૯/એ બાબતે રીઝર્વેશન સનદ જેવા મુળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરેલ પ્રશ્નો અંગે આરટીઆઈના કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. તેમજ ગેરકાયદેસર બાંધકામ બાબતે કાર્યવાહીને લગતી ફરીયાદ બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી પટેલ રમેશભાઈ સોમાભાઈ